# હિસાબ નિયામકશ્રીની કચેરી,

નવસારી કૃષિ યુનિવર્સિટી,

નવસારી

---

## પરિપત્ર

વિષય : કચેરીના બચત બેન્ક ખાતાને ચાલુ બેન્ક ખાતામાં તબદીલ કરવા બાબત...

અત્રેની યુનિવર્સિટીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, હાલમાં દરેક કચેરીઓને, કચેરીની નાણાકિય લેવડ–દેવડ માટે બચત ખાતા ખોલાવવાની મંજુરી અત્રેથી આપેલ હતી, અને તે મુજબ નાણાકિય લેવડ–દેવડ કરવામાં આવતી હતી, પરંતુ નવસારી સિવાયની બહારના કેન્દ્રોની કચેરીઓને તેમનાં કચેરીનાં નાણાકિય લેવડ–દેવડનાં બચત ખાતા હોવાને કારણે બેન્ક તરફથી ચાર્જીસ કપાત કરવામાં આવતાં તથા બચત ખાતામાંથી મર્યાદીત નાણાકિય ઉપાડ થઈ શકતો હોવાથી, નાણાકિય લેવડ–દેવડમાં મુશ્કેલીઓ સર્જાતી હતી જેથી બચત ખાતાનાં બદલે ચાલુ ખાતું તરીકે તબદીલ કરવામાં આવે તો નાણાકિય વ્યવહાર કરવામાં સરળતા રહેશે, તેમજ સરકારી કચેરીઓએ નાણાકિય લેવડ–દેવડ માટે ચાલુ ખાતું ખોલાવવા બેન્કો તરફથી અવાર–નવાર સુચનો મળેલ છે.

ઉપરોકત હકીકત ધ્યાને લેતાં આ યુનિવર્સિટીની દરેક કચેરીઓને તેમણે ખોલાવેલ બચત ખાતાને ચાલુ ખાતામાં તબદીલ કરવા આથી મંજુરી આપવામાં આવે છે. જેની કાર્યવાહી જે તે કચેરીનાં હાલમાં બચત ખાતાઓ રૂા. ૧૦૦૦/– ની સિલ્લક સાથે કાર્યરત છે, તેને ચાલુ (કરંટ) ખાતામાં તબદીલ કરવા જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે, અને તે મુજબની પ્રક્રિયા પૂર્ણ કરી અત્રે જાણ કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, નામદાર સરકારશ્રીના આદેશ પ્રમાણે ઉપાડ અને ચુકવણા અધિકારીઓ દ્વવારા તમામ પ્રકારનું ચૂકવણું ચેકથી જ થાય તે જોવાની જવાબદારી જે તે કચેરીનાં વડાની રહેશે. જેની નોંધ લેવી.

સદરહું આદેશ મા.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવેલ છે.

**હિસાબ નિયામક**

જા.નં. નકૃયુ/કોમ્પ્ટ/કંન્ટ્રોલ/ ૫૦૪૫–૪૬ /૨૦૧૬

હિસાબ નિયામકશ્રીની કચેરી,
નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
તારીખ : ૨૪/૧૧/૨૦૧૬

**<u>નકલ સવિનય રવાના</u> :**

(૧) અત્રેની કચેરીના યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂ.

(૨) આ યુનિવર્સિટીની કચેરીઓને લાગુ પડતી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની શાખાઓ તરફ જરૂરી કાર્યવાહી થવા સારૂ.